દીવાળીનો ભભકો.

અને

શેઠનો સપાટો !

પ્રકાશક.

માસ્તર. નાનાલાલ મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખની પોળ.

પુસ્તકો વેચનાર.

અમદાવાદ

માણેકચોકમા ગોળવાળાની ઓળે "વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૮. [illegible]૯૧.

કિમ્મત એક આનો.

[illegible]ની ગૃહસ્થો !

આજે નવા વર્ષના માંગળીક મોહોત્સવાનંદના યાદગીરી માટે મિત્રને મોકલવા લાયક આ નાની સદ્બોધિક વાંચનમાળા આપ સાહેબની સમસ્ત મુક્તાં અત્યાનંદ પ્રાપ્ત થાય છે તેમાં જો આપ આ પુસ્તકમાં આવેલા વિષયનો અભ્યાસ પોતાના પવિત્ર હૃદય કમળમાં ઉતારશો તો વિશેષ ઉમંગ થશે. ને મારો પ્રયત્ન સફળ થયો સમજીશ મારી આ આશા ઈશ્વર પુરી પાડો !!!

[illegible]સ્તર. નાનાલાલ વિ. ગમનલાલ.

અમદાવાદ—ખુસાપારેખની પોળ.

પુસ્તકો વેચનાર.

દિવાળીનો ભભકો.

અને

શેઠના સપાટા.

પ્રવેશ પેહેલો.

ધરમચંદનું ઘર—ધનતેરસનો દહાડો.

કરમચંદ—ગાયછે) "રાગ—જુવો પેલી ચંપેલી કેવી ખીલીરહીછે."

આજે આવી ધનતેરસ, રમ ઝમ્મ કરતી,
ગઈ કાલે બારસ, રૂપ તેનું ધરતી,
પણ હજુ દીવાળી કયાં હોશે ફરતી,
ધનતેરસનું ધન આજે ધોઊ–ધોઊ–ધોઊ. ૧
અરે ભુલ્યો! ભુલ્યો, જાવા ઘેર શેઠની,
રશોઈ હમણા થઈ હોશે, કરૂં પુજા પેટની,
પણ મને શાલે છે બાયડી છે વેંતની
મશ્કેરીના મારે ઈજત– ખોઊં–ખોઊં–ખોઊં. ૨
શેઠાણી રાખે છે પ્યાર મુજપર પુરો,
દાએ છે દોકડા જોઈ મ્હને શુરો,
પણ દાઝે બળે છે મસલ્લો નુરો,
એ દુઃખ ભારીથી હું રોઊં–રોઊં–રોઊં. ૩

(કરમચંદ રડેછે–અને કમળી દાખલ થાય છે.)

કમળી—(હાથ ઝાલીને) ભઈ–ઓ–ભઈ! ચીમ રડેછે?

કરમચંદ—અરે! પુન! મને જરા એક–એક વાત સાંભરી આવી. ઊંઊંઊંહુંઊં.

કમળી—ચાલ ભાઈ ! તને ખાવા કાઢી આપું ? જો આજ ધનતેરસ છે ને આપણે રોઈશું કે? કોઈ જોશે તો ગાંડે કહેશે ને આજે વળી તારી વહુ આવવાની છે, ને હગે બધ હરીરામ કાકાને ત્યાં ગરબા ગાવા જઈશું ત્યાં તું પણ આવશે કેની:

કરમચંદ—તો કમળી બા ! ગરબા કોણ ગાશે ?

કમળી—ભાઈ તેતો હુંજ ગાઈશ તો બીજાઓ તે કોણ જે? અને કસુ ભાઈ આપણે તો નવાજ ગરબા ગાઈશું જો તારી વહુ એક બે સારાં સારાં ગાય તો ઠીક મઝા પડે ?

કરમચંદ—પણ બેન આજે ધન ધોવાનું તે ક્યારે ?

કમળી—ભાઈ તું એમાં શું સમજે એતો બાપાજી આવશે ને થોડુ રૂપાનાણું ધોઇને પુંજન કરશે એટલે થયું. લેતુ ચાલ હેંડ બાઈ ? મને વાર લાગે છે.

કરમચંદ—તું જા હું તારી પછાડી આવુંછું.

કમળી—ત્યારે ભાઇ વહેલો આવજે હો !

(કમળી જાયછે અને કરમચંદ ગાયછે.)

કરમચંદ—(રાગ અરજી સાંભળોને સરકાર).

બાપડી બેને કર્યો ઉપકાર, ભાઇને સમજાવી સૌ સાર—ટે:
ધનતેરસમા ધોઇ ધનને. પિતા કરશે પુંજન;
બોલાવશે તે દીવાળી વહુને મારાં થયાં છે લગન—બા॰
ભોજન મનને ભાવતાં બનશે. દિવાળી વહુના માટ:
આવશે તે રૂડાં વસ્ત્ર પહેરીને, મને દેખાડવા ઠાઠ—બા॰
ભોગ મળ્યા છે મારા તો પુરા. થશે કેમ મારૂં આજ;
જઇશ વખારે શેઠની ક્યારે લખવા નામું કાજ—બા॰
હીસાબ કરતાં વરસ દિવસનો, મને આવડશે કેમ;

સમરો નુરો પણ એવો છે બુરો, રાખશે એમનું એમ–બા૦
પણ જાઉં હું જમી કરીને, શેઠાણી પાસે જરૂર;
ફીરા પાછો રજા લઇને, દીવાળી વહુની હજુર–બા૦

પ્રવેશ બીજો

અમીચંદ શેઠની પેહડીનું મકાન.

અમીચંદ—(ગાયછે) રાગ–અંગ્રેજી.

અરે દીવાળી ક્યાંથી આવી, દેવા દુઃખ મુજને ભારી;
રંડા આવી રાડ મચાવવા, ચિન્તા અંગમો પેસારી.
ગયા ગુમાસ્તા મરી શું થયું, નથી આવ્યું આજે કાંઇ;
દફતરમાંતો દલદર દિસે, રાંડ એકાએક ક્યાંથી મોઇ.
કરમચંદે ક્યાં કાળું કીધું, દેખાડવા આવ્યા નહીં મુખ;
મરી ગયો ક્યાં "નુરો" "સોમો" અહિં પેટમાંતો ચાલીચુક.

(નુરો એક ખુણામાંથી સાંભળતો હતો, તે શેઠ આગળ આવીને.)

ક્યાહે ? ક્યાહે શેઠ હમારે, ઇતને ક્યું ગુસ્સે હોતેવ ?
દીવાળીકું દો દીન બાકી, અબીશે તુમ ક્યા રોતેવ?
લાવ ચોપડા દેખેગા હમ, દીખતી હેંયગી તમકુ ભુલ;
રખો આંકડા સ્લેટ બાજુ, અબી જાયગી સબ્હી ખુલ.

[કરમચંદ દાખલ થાયછે તેને અમીચંદ ગુસ્સે થઇને.]

કેમ રાંડના શીદ ફરેછે, નથી આવતો શોધ્યો અહિં;
બોલ રઝળવા ક્યાં ગયો તો, સોમો તને મળ્યો કે નહિં.

[કરમચંદ બોલેછે.]

નથી જાણુતો હું તો કાંઈ, સોમા કે રામાની વાત;
ગયો હતો હું ઘેર તમારે, નહીંતો વખત આટલો ના થાત.

(અમીચંદ છેક તપી જઇને)

બતાવ તારો રોજમેલ તું, જમે ઉધારીયું કરીને સાફ;
દીવાળીમાં થશે દેવાળું, કરશે કોણ માંગનારો માફ.

એક ખુણામાં ચોપડા લઇને કરમચંદ હીસાબ ગણેછે અને અમીચંદની અલી દાખલ થાયછે.)

અલી—મેકું ! આમ જુવોની જરા ?

અમીચંદ—શું છે ? કંઈ થયુંચ ! ભિધું ચત્તું ?

અલી—ના–ના–જરા ઉભા ઉભા આવી જાવોની ?

અમીચંદ—પણ મોકાણ શું મંડાઇછે?તેતો મોડેથી ભસ?

અલી—તમેતો મોકાણ માંડવાનાજ વિચાર કરો છો? બીજું શું કરવાના છો? જુવોની પેલા હરીરામ કાકાને ત્યાંથી આજે ગરબા ગાવાનું તેની બે'ન કહેવા આવ્યાછે. લગાર આવીને, બે બોલ કહી ગયાં ?

અમીચંદ—તો રાંડ હું શું જાણું જે આમછે, લે ચાલ?

જાયછે અને સોમચંદ આવેછે.)

સોમો—(દાખલ થઇને) અલ્યા કમા, શેઠ શીદ ગયાછે?

કમો—ભાઈ હમણાજ ઘેર ગયાં, પણ આજે ગાસોતો તમને એટલી બાંડીછે કે ના પુછયે વાત! તે મને શુદ્ધા? પણ આપણે બંદાએ ઠીક જવાબ પકડાવ્યો છે.

નુરો—ચુપ ! ચુપ ! બચ્ચેકી નીમત ગરબડ કયા કરતાહે ? અભી મેરે હીસાબમેં ભુલ આ જાયગી તો કોન બાવા ઘડીપેઘડી મેહનત લેયંગા.

કમો—હવે બેસને મુસલ્લા ! પીછાનીઓ તને, અમથો મરી કયાં ક્યાંકેચ ?

સોમો—(ગાયછે રાગ [illegible] ઠનો [illegible]ની
કમા, નુરાભાઈ સાંભળો— [illegible])
ચોપડામાં ચીત ચોંટ્યું, [illegible] વ્યુ [illegible]
ખોટ દેખાયછે મારામાં [illegible]ની ચે[illegible]—કમા૦

નુરો—મેરેસેતો તમ મન [illegible], [illegible] ઠેલી;
હાય ! પીટાપીટ ખો[illegible] શેઠકી અલી—કમા૦

કમો—કેમ જુવો? સોમા, નુર [illegible] હીંઆતો [illegible]લાખ;
અરે ! અલો! [illegible]શેઠસણા [illegible] કેવા કાખ—કમા૦

સોમો—કમબખતા તેં [illegible] [illegible] [illegible] ભુલો કેમ?
મારા માથે સ[illegible], [illegible] તેમ—કમા૦

નુરો—[illegible] મારો મત [illegible] ભ ગો [illegible] ને ધરકુ;
[illegible] સબ [illegible] [illegible]રકુ—કમા૦

કમો—આહા! આહા!![illegible] [illegible] ઠીક;
તું જશ[illegible] મામાને [illegible] બીક—કમા૦

સોમો—ચાલો ત્યારે એક[illegible]ક [illegible] [illegible] [illegible] કાલે;
એર કમાભાઈ પાછળથી તું, આવજે ઘોડા ચાલે—કમા૦

(નુરો અને સોમો જાયછે.

કમો—[ચીઠી લખેછે]—રાગ કરમચંદના મોહોડાનો.

અમીચંદ શાહ શેઠ, વાંચી ચીઠી પોંહોંચજો ઠેઠ.
હુંડી મુકી ચોપડાને ચાટજો, તેમ નહી બનેતો વાટજો;
વાટતાં જશો નહીં હાકી, પછી મારજો ફાકી.
ચોડું આપજો અલીને, શીદ્ધાં ચાલજો મળી ;
ખોટ આવી છે લાખની, ટોપલી ભરજો રાખની.
નાંખજો તે ઉકરડે જઈ, લી૦ સેવક કમાભાઈ;

ને તાલ આવે તો નાંચજો, આરા જેગોપાળ વાંચજો

ચીઠી લખીને શેઠની પેટીપર મુકી, કમો પસાર થાયછે.]

પ્રવેસ ત્રાજો.

સ્થળ—હરીરામ કાકાનું ઘર–ગરબાની ધામધુમ.

બૈરાંનો મેલાવડો.

સાંતીલક્ષ્મી—અલી મોતી બારણે ૧૦ વાગવા આવ્યા પણ હજુ ગરબો કેમ અટ્ટાર પડતો નથી ?

મોતી—બસ–બેન શું કહુકે જ્યાં જોઇએ ત્યાં રાંડોની અને રંડવાઓનીજ પંચાત! આતો ફલાણી ગાનારી સારી છે અને ફલાણી ગાનારી આવીછે, વળી પેલીતો ફાટયા, ફાટયા, ગરબા ગાયછે, ને પેલી તો સારા નિતીના ગાયછે હવે બેન તેમાં હું તે શું કરૂં ?

સાંન્તી—અરે પણ આપણી કમળી ક્યાં ગાનારી કાચી છે જે ?

મોતી—બેન હું શું કરૂં, કોઇ આવીતો છે બીજી વેસ્યા જેવી ગાનારી તેને ૨૧૫) રૂપીઆનો કોલીઓ કરાવો છે; આપણે શું? ફોડશે માથું ને કાડશે રાતું !

સાંન્તીલક્ષ્મી—પણ બેન ! એવી વેશ્યા જેવાનાં નાગા, ઉઘાડા ગરબા કોણ ઝીલવાનું છે જે? તું તારે ઊઠાડ-ઊઠાડ આપણી કમળી બેનને એએક નીતીના ગાયા કે, માતાનું લેણું ઊતરે, ચાલો ઉઠો બેરાવો ?

(બધી સ્ત્રીઓ ભેગી મલેછે અને કમળી ગવાડે છે.]

ગરબી લજ્જા વિશેની.

(રાગ ગીરધારી રે વાત કહુંછું વિચારો.)

જુવો છાંડીરે, લાજ જગતમાં જેને, નાનું સરખું રાજ છે તેને;
એ લાજમાંરે, લાભ રહ્યાછે છવાઈ, તેની કિર્તિ રૂડામાં ગવાઈ,
લાજ જાતાંરે, તુટે કુટુંબે સગાઇ, બોલાવે ન બેન કે ભાઈ.

ઝુલ.

વળી પાસ પોતાની ન આવેરે. ક્રોધી આંખ મારી બતલાવેરે.
ધીક:ધીક: કેહેવામાં ફાવે રે, બાળે તન મનરે, પ્રીતેથી તે ચાહી,
બોલાવે ન બેહેન કે ભાઇ.

ઘણી જગતે રે, લાજ વિનાની નારી, છે કુ-કર્મો કરનારી,
નવ ડરતાં રે કરતી મીત્રાચારી, ભોગી નરને તે મ્હાનારી.

ઝુલ.

કરે પ્રિત પેહલાં ન વિચારી રે, થાશે પાછળ ફજેતી શું મારીરે.
કંથ પોતા તણાને વિસારીરે, થઈ ભોળી રે, પેહલાં પછી પસતાઇ
બોલાવે ન બેહેન કે ભાઈ.

નથી રેહતી રે, નીત્ય જુવાની આવી, નવ જાવું તેપર ફાવી;
સદા નિતી રે, રાખો હૈડે લાવી, પર-પુરૂષથી અંગ બચાવી.

ઝુલ.

જેથી લાજ રેહશે તમારી રે, મળશે સુખ સ્નેહીનું ભારી રે;
વળી ધર્મી કહેવાશે નારીરે, નહીંતો પાપનીરે ખાણમાં જાશેપુરા
બોલાવે ન બેહેન કે ભાઇ

નવ જાવું રે, પર શેરામાં કામે, પતી વીના ન ભરવી હામે.
રહી ડરતાં રે, દુરજનના તે નામે, રેહવું ભારમાં આપણા ઠામે.

ઝુલ.

એમ ચાલેથી નારી તરશો રે, પુર પ્રેમે જગતમા ઠરશો રે;

"ગુછોડ"ની વાણી ધરશોરે, ફળ મીઠું રે, રહેશે કુટુંબે જળ લાઇ
બોલાવે ન બેહેન કે ભાઇ"

(દસબાર જોવા આવનાર માણુસો ઉભા થઇને.)

માણુસો—ચાલો? હવે કમળી બેન તમે પછી ગાજો. કેમકે આ નવી ગાનારીનાં તો ગરબા સાંભળીએ કુંડી રૂપી યા આવ્યા છે.

(કમળી—અને બીજી સ્ત્રીઓ) આહા એની પાસે ગવરાવો?

સાંતીલક્ષ્મી—[નખરાથી] આપણે કંઇ એના ગરબા ઝીલવાના નથી? એનાં જેવી હોશે તે ઝીલશે, ચાલ આવરે કમળી મારી પાસે? આપણે જુવો બેશીને.

[સોમો. નુરો. અને કમો, આવી પોંહચે છે.]

સોમો—ઓહોહો! ગરબાનો ઠાઠતો આછો મચી રહયોછે?

નુરો—હા યાર ! કોઈ બાહારકી હે ગાને વાલીતો?

સોમો—બેસો યાર ! મઝા પડશે? કમા તારી બેંન આ વેલી છે શું ?

કમો—હા–ભાઇ, હવે આપણે અહિંજ બેસો.

(નવી ગરબાની ગાનારી ગાય છે)

ગરબા.

(રાગ-જનએ જસોદાસી કહીઓરે, કનૈયા મોહે ગાળીરે દીની-એ)

વ્હેલા વળો સ્યામ મોરા રે જામ પ્રેમ રસનીરે પાવી—(બેવાર રસનીરે પાવી મલે પ્રાણુ આવી, હર્ષકી લઉં વધાવીરે;—જામપ્રેમ માગો તો આપીસ એ અલબેલા; આજ આનંદ મન ફાવીરે—જામપ્રેમ અંગ સુનું સઉ ભિંજી નેહમાં, દાસી દયા દિલ લાવી રે—જામપ્રેમ

રનાં કંકન મુજ ચિંતા કરેછે, સંસાર સૂખ સોભાવી રે;–જામપ્રેમ
:પાના સિંધુ દિલ કરો દાહળું, કીરત રણછોડ થી ગાવીરે–જામપ્રેમ

મોતી—(મોંમરડીને) ઓહ–બહુ મજેની ગરબી, છી—હોય તે એવું ગાય, જો રાંડ નિતીની ગરબી ગાઇ, મારી કમબીની જુટીએ પણ નથી આવવાની ?

સાંતીલક્ષ્મી—હા બેન એમતો ખરૂં ? હોં ! બા!

(બીજી બાજુ તરફ પુરૂષોની વાતો)

સોમચંદ—કયું નુરા ગરબી ઠીક ગાઇ કે?

નુરો—અરે યાર બેઠ રેહ? શાલી કુત્તી જેશી તો હે ઓર ઉસમે નખરા ભારી કરતી હે? મગર તુમ લોક કયા જાનો, એતો હમેરેઇ દેશકીહે શો હમેઇ પીછાને, પણ દેખોને એ કુત્તીકે શાથ સબ કુત્તેબી એશેઇ હેંતો, કે શાલીકું ઉઠાકે કુડી રૂપેઈ દે દીયે યાર તુમેરે લોક એસે જંગલી હે ? કે બસ તોબા!

સોમચં—પણ દોશ નુરા' એનાં ગુણતો જરા કહેકે હું તો જાણું કે આવી પણ બાયડીઓ વસે છે.

નુરો—શુન જબ? [નુરો ગાય છે.)

(રાગ–એશે ધોકા દેને વાલે, મેને લાખું દેખે ભાલે.

દેખી ગાતી ગુણી નારી. ઉસમે એબ રહેતી ભારી,
દેખી દુસરી તીસરી બારી, ઓર રખતી હેગી યારી;
ખેલે સંગમે લેકે જારી, રહેતી એસીએબી નારી—દેખી
ઓર અછેઅછે જવાનોકુ, લાતી હયે, બોલાતી હયે,
સમજે સમજે સચ્ચા મેરા, ખુદા જાને મેરા મેરા,
આખર કેહનાં એહી મેરા, ફીરકે કેહનાં એહી મેરા—દેખી

ઓર આને જાતી લોકુંકે વાહ, કરતી ઢંગી નખરે નત્તા,
ફીરકે સમજે દુસરા એસા, અચ્છા હડ, અચ્છાહડડા,
હોતા હુગા હોતા હુગા, કેસા કેસા હોતા હુગા,
પૈસે દેકે કેહેતા હોગા, દરબાર હોતા હોગા—દેખી,

પ્રવેશ ચોથો.

અમીચંદ-અને પાછળથી-અલી!

અમીચંદ—(ગાયછે) ચાગખો.

દીવાળી દેવાળુ લાવીરે, ભુંડી રાંડ ક્યાંથી આવીરે—ટેક.
દીવાળી આવી દવ લગાડતી, મુવો હું વિના મોત;
જાણતે આવું આગળથી તો, મોત વિચારી જોત—દી૦
ચાકર ભરોસે રહીને આજે, જોયો જગતનો સાર;
આવ્યા ચઢી સૌ વેપારીઓ, જપ્ત કીધાં ઘરબાર—દી૦
નાઠા ચંડાલો ચોરી કરીને, લાવી ન દિલમાં ગમ;
કામ કીધેલું તુરાએ એમાં, રેહેશે કેમ મારો દમ—દી૦
દુષ્ટ 'સોમો' પણ સમજી નાઠો, છોડી સુની દુકાન;
બોલ 'અલી' નો આગળ આવ્યો, કે મંડાશે મોં કાણુ—દી૦
કરમચંદ પણ ચીઠી લખીને, ગયો સમજાવી સાર;
ચેતક આપી હોત અગાડી તો, કરતે ગલાનો હાર—દી૦
પણ હવે શું કરવું ક્યાં જાવું, મરવું ભલા ભગવાન;
ત્યાં વિના નવ છુટકો કાંઇ, નહીતો થશું હેરાન—દી૦
નથી જાવાનો મારગ મળતો, કોઈ કુટુંબને ઘેર;
નાક જાય નિકળી મોંડાપરનું, એથી ખાવું ભલું ઝેર—દી૦

માટે છેલ્લા એજ ઉપાયે, કરૂ પ્રજા પ્રણામ;
હાજર હાલ અફીમ છે આહીં, ખાવુ લઇ ઇશ્વિર નામ—દી૦

(અમીચંદ અફીણ ખાયછે અને અલી આવેછે.)

અલી—હાય ! હાયરે ! ! આ શું. એ મારી માડી મારો જન્મારો કેમ જશે ? અરેરે ! સત્યાનાસ વળ્યું હજુ પરણ્યાને પાંચ મહિના તો થયાએ નથી. ને આ શો ગજબ ! અરરરર ! મારી તો દિવાળીએ આડી તો નહીં ગઇ, અને એ ટલીવારમાં આ શું જુલમ હાય હાય ! હવે શુ કરૂ રે એ હુઊ

લલિત છંદ.

અરર ! દૈવ તું, દેશમાં અરે, વિઘ્ન આણીને, કૃત્ય શું કરે,
જગત રહીમાં, પ્રસિદ્ધ નામરે; અતિ દયામણા નેક કામરે.
વય નથી વધી, હજુ બાળરે; કયાંથી આવ્યું, મૃત્યું કાળરે
અનચીંતા અહો! સ્વામી શું કયુ; રેશે કેમ હવે કાળજુ હૈયું
વૃષ્ટિ નથી થઇ, અરર ! તનની, છુટી આસાયો, મારા મનની
જીંન્દગી ગાળતાં, જન્મ કેમ જશે; ગતિ આગળે, કેવીરે થશે
રહું કંઇ પરે. છત્ર તું વિના; પિતાજીને લખું, દુઃખની બીના

(સોમો દાખલ થાયછે.)

સોમો—કેમ શેઠાણી સાબ ! રૂવો છો કેમ ?

અલી—અરે ! મારૂં નો નખોદ વળ્યું ! હાય ! હાય સોમા તને દયા નહીં આવી ભાઈ ?

સોમો—શું શેઠ મરી ગયા ? અરરરરર ! મારો તો આ બ્ખા વરસનો પગાર ડુબી ગયોરે મારા બાપલીયા ! હાય હાય ! ! હું ઊઊઊ હુઊ આ મારો શેઠ રે !

(સોમો રડતો રડતો જાયછે. અને બીજા માણસો
આવી અમીચંદને ઊંચકી જાયછે.)

પ્રવેશ પાંચમો.

નુરો—સોમો—અને—કમો.

નુરો—(ગાયછે)રાગ—જબકે કલંદર બનબન ફીરકર.

અબ દુનિયામે સબ સબકી સલામ રખકે ચલતેહે,
પેસે ખાતર ભુલતે પરવર શીરપર બોજા ધરતેહે;
જાન જાતી હે કીસીકી કીસકુ હાંસીકી હે ચુલ
એસે એસે લોકો-કુ બના બના ગુલ-
જુડા રહેતા યાદ દિલમે સચ્યા જાતા ભુલ—જાન.

(કમો આવેછે.)

ક૦—કેમરે ? દોસ નુરા ?

નુરો—અછાએ દોસ, મગર સોમા કીધર ?

ક૦—મારીતો આગળ આવ્યોછે ? (સોમો હાજર થાયછે.)

સો૦—(કુદકો] બાઇ ખુશીની વાત ? હાહા—હાહા

નુરો—ક્યા હે કયા બોલતો શાઈ દીવાને ?

સો૦—અરે ! શેઠ મરી ગયા ?

નુરો—ચલો જબ ઓ ઉચાપત કિયેલે રૂપે લાવ ?

સો૦—લેવો બચ્યા બધી તારે નોટ એજ ખરીદી છે ?

ક૦—પણ યાદ રાખજો બધાની બરાબર મારો ભાગ લ-
ઇશ એક પઇ ઓછી આપી કે આપણે જાહેર.

નુરો—ચુપ ! ચુપ ! યાર, તીન હીસ્સે પડીગે,

(બધા બરાબર ભાગે પડતી નોટો ગણી લેયછે.)

—સમાપ્ત.—